પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૭૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૧૧-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભાજપ - કોંગ્રેસમાં ભડકો : ઈમરાન ખેડાવાલાની ટિકિટ કાપી શાહનવાઝને આપવા કોંગ્રેસ કાર્યાલયે તોડફોડ, ભરતસિંહની તસવીરો સળગાવાઈ

અમદાવાદ,

જમાલપુર બેઠક પર ટિકિટ આપવાને લઈને કેટલાય સમયથી વિવાદ ચાલી રહ્યો હતો.જમાલપુર-ખાડિયા બેઠક પર ઉમેદવાર બદલવાની માગ કરી એનએસયુઆઈ અને યૂથ કોંગ્રેસના નેતાઓએ રાજીવ ગાંધી ભવનને માથે લીધું હતું. અહીં તોડફોડ કરી હતી અને ભરતસિંહ સોલંકીની તસવીરોને સળગાવી હતી. એટલું જ નહીં, ત્યાં લગાવવામાં આવેલા પ્રદેશ પ્રમુખના અત્યારસુધીનાં બેનરમાંથી કેટલાંકને તોડી દેવાયાં હતાં અને કેટલાંક પર કાળી શાહી લગાવી હતી.

એનએસયુઆઈ અને યૂથ કોંગ્રેસના કેટલાક કાર્યકરોએ સોશિયલ મીડિયામાં રાજીનામાં



આપ્યા હતા. તેના ગણતરીના કલાક બાદ પાલડી સ્થિત કોંગ્રેસના હેડક્વાર્ટર રાજીવ ગાંધી ભવન પર આ બંને જૂથનું એક ટોળું ધસી ગયું હતું. સીડીઓની દીવાલ પર ભરતસિંહ સોલંકી વિરુદ્ધ લખાણો લખ્યાં હતાં. ત્યાર બાદ અંદર જઈને સૂત્રોચ્ચાર કર્યો હતો. વિવિધ બેનર સાથે પહોંચેલા કાર્યકરોએ પહેલા દેખાવો કર્યા હતા. બાદમાં ઉગ્ર વિરોધ કરીને કોંગ્રેસ કાર્યાલયની અંદર જ વિરોધ દર્શાવતાં લખાણો લખ્યાં હતાં અને વિવિધ નેમપ્લેટ તોડી હતી. બાદમાં ભરતસિંહ સોલંકીની તસવીરોને સામૂહિક રીતે સળગાવી હતી.

કોંગ્રેસ દ્વારા જમાલપુર બેઠક પરથી અત્યારના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને ટિકિટ આપવામાં આવી છે. ઈમરાન ખેડાવાલાને ટિકિટ ના આપવામાં આવે એ માટે એનએસયુઆઈ અને યૂથ કોંગ્રેસના નેતાઓ જ વિરોધ કરી રહ્યા હતા. સોશિયલ મીડિયા પર પણ કેમ્પેન ચલાવવામાં આવ્યું હતું. કોંગ્રેસ ઓફિસ પર પણ ૨ દિવસ અગાઉ નારેબાજી કરવામાં આવી હતી. અનેક પ્રયત્ન કર્યા છતાં પણ શાહનવાઝને ટિકિટ ના આપીને ઈમરાન ખેડાવાલાને ટિકિટ આપતાં રોષે ભરાયેલા યુવા નેતાઓએ રાજીનામાં આપ્યા છે. હજુ આજે પણ અનેક યુવા નેતા રાજીનામાં આપશે.

યુવા નેતાઓની માગણી છે કે મનહર પટેલ નારાજ થતાં બોટાદ બેઠક પર જાહેર કરેલા ઉમેદવારને બદલીને મનહર પટેલને મેન્ડેટ આપીને ભૂલ સુધારી છે, તે જ ઈમરાન ખેડાવાલાને બદલીને શાહનવાઝને મેન્ડેટ આપીને ભૂલ સુધારવામાં આવે. શાહનવાઝને ટિકિટ નહીં મળે તો કોંગ્રેસ વિરોધ જ પ્રચાર કરીને ઈમરાન ખેડાવાલાને હરાવવા પ્રયત્ન પણ કરશે.

એનએસયુઆઈ અને યૂથ કોંગ્રેસના આગેવાનો શાહનવાઝ શેખને ટિકિટ મળે એ માટે પ્રયત્ન કરી રહ્યા હતા. ૨ દિવસ અગાઉ ખાનગી હોલમાં ભેગા થઈ એનએસયુઆઈ અને યૂથ કોંગ્રેસના નેતાઓએ શક્તિપ્રદર્શન પણ કર્યું હતું, પરંતુ જમાલપુર બેઠક પરથી શાહનવાઝ શેખને ટિકિટ ના મળતાં એનએસયુઆઈ અને યૂથ કોંગ્રેસના ૧૦થી વધુ નેતાઓએ ગત મોડી રાતે રાજીનામાં આપી દીધા છે.

### ભાજપના ઝંખના પટેલની ટિકિટ કપાતાં ચોર્યાસી બેઠક પર વિવાદ વકર્યો

કોંગ્રેસ દ્વારા વડોદરા જિલ્લાની વાઘોડિયા બેઠક પર પૂર્વ સાંસદ સત્યજિતસિંહ ગાયકવાડ અને ડભોઈ બેઠક પર ભાજપામાંથી સસ્પેન્ડ કરાયેલા પૂર્વ ધારાસભ્ય બાલકૃષ્ણ પટેલ (ઢોલાર)નું જાહેર કરવામાં આવ્યું હતું. અપેક્ષા મુજબ વાઘોડિયાની બેઠક પર સ્થાનિક કોંગ્રેસ કાર્યકરને બદલે આયાતી સત્યજિતસિંહ ગાયકવાડનું નામ જાહેર થતાં કોંગ્રેસ કાર્યકરોમાં રોષ ભભૂકી ઊઠ્યો છે. આજે વડોદરા તાલુકા કોંગ્રેસના ૧૦૦ હોદ્દેદાર સહિત કાર્યકરોએ કોંગ્રેસના સભ્યપદેથી સામૂહિક રાજીનામાં આપી દીધા હતા.

ઈતિહાસમાં પહેલી વખત ચોર્યાસી બેઠકમાં ઉમેદવારની પસંદગીને લઈને ભારોભાર વિરોધ નોંધાતાં ભાજપમાં પણ અંદરઅંદર ગણગણાટ શરૂ થઈ ગયો છે. સુરતમાં ભાજપે ચોર્યાસી વિધાનસભા પર ઝંખનાબેનની ટિકિટ કાપી સંદીપ દેસાઈને ટિકિટ આપી છે, જેને લઈને વિરોધ પણ સામે આવી રહ્યો છે. કાંઠા વિસ્તારમાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે, જ્યાં કોળી પટેલ મતદારોની સંખ્યા ખૂબ જ વધારે છે અને આ તમામ મતદારો ભારતીય જનતા પાર્ટીના કમિટેડ વોટર્સ માનવામાં આવે છે ભાજપના અલ્પેશ ઠાકોરને ગાંધીનગર દક્ષિણથી ટિકિટ અપાશે તે નક્કી છે. તેવામાં અલ્પેશની સાથે સંકળાયેલા ધવલસિંહને બાયડ બેઠક પર ભાજપની ટિકિટ ન મળતાં નારાજ છે. ત્યારે બાયડ ખાતે ધવલસિંહ ઝાલાને ટિકિટ આપવાની માંગ સાથે સ્થાનિક ભાજપ કાર્યકરો કમલમ પહોંચ્યા હતા અને હંગામો કર્યો હતો.ભાજપ અને કોંગ્રેસના કાર્યાલયોમાં ભારે હંગામો થતા સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે.

## જી ૨૦ સમિટ : ૧૪ થી ૧૬ નવેમ્બર સુધી બાલીની મુલાકાતે : ઘણા મુદ્દાઓ પર વિશ્વના નેતાઓ સાથે વાતચીત થશે : વડાપ્રધાન

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ઈન્ડોનેશિયા જવા રવાના થઈ રહ્યા છે. અહીં તેઓ બાલીમાં યોજાનારી ૮-૨૦ સમિટમાં ભાગ લેશે અને વિવિધ દેશોના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. ઈન્ડોનેશિયાના પ્રસ્થાન પહેલા, પીએમ મોદીએ તેમના પ્રસ્થાન નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓ બાલી સમિટ દરમિયાન વૈશ્વિક વિકાસ, ખાદ્ય અને ઉર્જા સુરક્ષા, પર્યાવરણ, આરોગ્ય અને ડિજિટલ પરિવર્તન જેવા વૈશ્વિક ચિંતાના મુખ્ય મુદ્દાઓને પુનર્જીવિત કરવા ૮૨૦ નેતાઓ સાથે જોડાશે. તમારી સાથે વિગતવાર ચર્ચા કરો. ૮૨૦ સમિટની બાજુમાં,વડાપ્રધાનમોદી વિશ્વના ઘણા ટોચના નેતાઓ સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

પીએમ મોદીએ કહ્યું, 'બાલીમાં જી-૨૦ સમિટની બાજુમાં, હું અન્ય ઘણા સહભાગી દેશોના નેતાઓને મળીશ અને તેમની સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરીશ. હું ૧૫ નવેમ્બરે બાલીમાં ભારતીય સમુદાયને સત્કાર સમારંભમાં સંબોધવા માટે પણ ઉત્સુક છું. કોન્ફરન્સના સમાપન સમારોહમાં ઈન્ડોનેશિયા ૮૨૦નું અધ્યક્ષપદ ભારતને સોંપશે. ઈન્ડોનેશિયા ૮૨૦ ના વર્તમાન અધ્યક્ષ છે. ભારત ૧ ડિસેમ્બરથી ઔપચારિક રીતે ૮૨૦નું પ્રમુખપદ સંભાળશે.

પીએમ મોદીએ કહ્યું, 'ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો બાલી સમિટના સમાપન સમારોહમાં ભારતને જી ૨૦ પ્રેસિડન્સી સોંપશે, જે આપણા દેશ માટે એક મહત્વપૂર્ણ ક્ષણ હશે. ભારત ૧ ડિસેમ્બરથી સત્તાવાર રીતે ૮૨૦ નું પ્રમુખપદ ગ્રહણ કરશે. વડાપ્રધાને કહ્યું કે તેઓ વૈશ્વિક પડકારોના સામૂહિક ઉકેલો શોધવામાં ભારતની સિદ્ધિઓ અને અતૂટ પ્રતિબદ્ધતાને પણ રેખાંકિત કરશે. આ સમિટમાં ભાગ લેવા માટે વડાપ્રધાન ત્રણ દિવસની મુલાકાતે ઈન્ડોનેશિયા જઈ રહ્યા છે. તેઓ ૧૪ થી ૧૬ નવેમ્બર સુધી બાલીની મુલાકાતે જશે. તેઓ યુક્રેન સંઘર્ષની અસર સહિત વૈશ્વિક પડકારો પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે, ખાસ કરીને ખાદ્ય અને ઉર્જા સુરક્ષાના ક્ષેત્રોમાં જેમાં અનેક દેશોના નેતાઓ ભાગ લેશે

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેન, બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક અને ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ આ સમિટમાં ભાગ લેશે. પીએમ મોદીએ કહ્યું, 'ભારત ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી ઔપચારિક રીતે જી૨૦નું પ્રમુખપદ સંભાળશે. હું આવતા વર્ષે સમિટમાં હાજરી આપવા માટે તમામ સભ્યોને વ્યક્તિગત આમંત્રણ મોકલીશ.વડાપ્રધાને કહ્યું કે ભારતનું ૮૨૦ નું પ્રમુખપદ 'વસુધૈવ કુટુંબકમ' અથવા 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ની થીમ પર આધારિત હશે.

### ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રીનું વિવાદાસ્પદ નિવેદન

## રાજ્યમાં કમિશન આપ્યા વિના કોઈ કામ થતું નથી, યુપીથી આ પ્રથા ઉત્તરાખંડમાં આવી



દહેરાદુન,

ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી તીરથ સિંહ રાવતનો એક વીડિયો સામે આવ્યો છે. આમાં તેઓ કહી રહ્યા છે કે રાજ્યમાં વગર કમિશને કોઈ કામ થઈ શકતું નથી. અત્યારે જાણ નહિ થઈ શકે કે આ વીડિયો ક્યારનો છે, પરંતુ આમાં ભાજપના નેતાએ રાજ્યમાં કમિશન ચોરી પર દુઃખ વ્યક્ત કરતા જોવા મળે છે. વીડિયોમાં રાવત કહે છે, ભલે હું મુખ્યમંત્રી રહ્યો હોય અને કદાચ આ ન હોવું જોઈએ, પરંતુ મને સ્વીકારવામાં કોઈ વાંધો નથી કે જ્યારે અમે ઉત્તરપ્રદેશથી અલગ થયા ત્યારે જાહેર કાર્ય કરવા માટે ૨૦% સુધી કમિશન આપવામાં આવ્યું હતું. અલગ થયા પછી એ ઉત્તરાખંડમાં નહિવત્ થઈ જવું જોઈતું હતું, પરંતુ એ ચાલુ રહ્યું અને અમે ૨૦% સાથે શરૂઆત કરી.પૌડીથી ભાજપ સાંસદે કહ્યું, પહાડી રાજ્ય ઉત્તરાખંડ ૨૦૦૦માં ઉત્તરપ્રદેશથી અલગ થઈ રાજ્ય બન્યું હતું. ત્યારે મને કહેવામાં આવ્યું કે ઉત્તરાખંડમાં કમિશન તરીકે ચોક્કસ રકમ આપ્યા વિના કંઈ કરી શકાતું નથી. કમિશન આપવું એ ઉત્તરપ્રદેશમાં પ્રચલિત પ્રથા હતી અને દુર્ભાગ્યપૂર્ણ એ ઉત્તરાખંડમાં ચાલુ છે.રાવતે કહ્યું- જોકે કોઈને ખાસ જવાબદાર ઠેરાવી શકાય નહીં. એ એક માનસિકતા છે. આ ત્યારે જ દૂર થશે, જ્યારે આપણે આપણા રાજ્યને પરિવાર તરીકે જોવાનું શરૂ કરીશું. તમને જણાવી દઈએ કે ઉત્તરાખંડની સાથે ઉત્તરપ્રદેશમાં પણ ભાજપ સત્તામાં છે.

પૂર્વ મુખ્યમંત્રીને વિવાદો સાથે જૂનો સંબંધ છે. ગયા વર્ષે માર્ચમાં રાવતે દહેરાદૂનમાં એક વર્કશોપમાં ફાટેલી જીન્સ પહેરેલી મહિલાઓ સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આજકાલ મહિલાઓ ફાટેલી જીન્સ પહેરે છે. તેમના ઘૂંટણ દેખાય છે, આ કેવા સંસ્કારો છે? આ સંસ્કારો ક્યાંથી આવે છે? આમાંથી બાળકો શું શીખે છે અને આખરે મહિલાઓ સમાજને શું સંદેશ આપવા માગે છે? ફાટેલા જીન્સ આપણા સમાજના તોડવાનું માર્ગ બનાવે છે. આમાં આપણે બાળકોને ખરાબ ઉદાહરણ આપીએ છીએ, જે તેમને ડ્રગ્સના સેવન તરફ દોરી જાય છે. હવે આપણે બાળકોને 'કાતરથી સંસ્કાર' આપી રહ્યા છીએ. જોકે, બાદમાં તેમણે આ નિવેદન માટે માફી માગી હતી.

અગાઉ તેમણે ભારતની આઝાદીને લઈ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે અમેરિકાએ ભારતને ૨૦૦ વર્ષ સુધી ગુલામ બનાવ્યું. તીરથ બ્રિટનને બદલે અમેરિકા બોલી ગયા હતા. બીજી તરફ, હરિદ્વારમાં નેત્ર કુંભનું ઉદઘાટન કરતી વખતે તેમણે સ નરેન્દ્ર મોદીની તુલના ભગવાન રામ સાથે કરી હતી. તેમણે કહ્યું હતું કે આવાનારા સમયમાં અમે નરેન્દ્ર મોદી સાથે ભગવાન રામની જેમ વ્યવહાર કરવાનું શરૂ કરીશું. દ્વાપર અને ત્રેતામાં રામ-કૃષ્ણ થયા છે. રામે પણ સમાજ માટે કામ કર્યું હતું, તેથી લોકો તેમને ભગવાન માનવા લાગ્યા. આવું જ કાર્ય દેશના વડાપ્રધાન કરી રહ્યા છે. આવનારા સમયમાં આપણે નરેન્દ્ર મોદીને પણ એ જ રૂપે (ભગવાન રામ) સ્વીકારવા લાગીશું.

## રાહુલ ગાંધી ભારત જોડો યાત્રામાંથી બ્રેક લઈ ગુજરાતમાં પ્રચાર માટે આવશે



અમદાવાદ,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૨૨ નવેમ્બરે ગુજરાતની મુલાકાતે આવશે, જ્યાં તેઓ પાર્ટી માટે પ્રચાર કરશે. ભારત જોડો યાત્રાના વિરામ દરમિયાન રાહુલ ગુજરાતની મુલાકાત લેશે. ૧૨ નવેમ્બરના રોજ યોજાનારી હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં ભાગ ન લેવા બદલ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષને ભાજપ તરફથી ટીકાનો સામનો કરવો પડ્યો હતો. હિમાચલ ચૂંટણીમાં પાર્ટી કાર્યકર્તાઓએ રાહુલ ગાંધીને પ્રચાર માટે રાજ્ય પહોંચવાની પણ માંગ કરી હતી, પરંતુ આ દરમિયાન પણ તેમણે પોતાની કૂચ ચાલુ રાખી હતી. હિમાચલમાં ચૂંટણી પૂર્ણ થતાં કોંગ્રેસ ગુજરાત પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે રાહુલ પર હારના ડરથી પ્રચારથી દૂર રહેવા અને જવાબદારી ન લેવાનો આરોપ લગાવ્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શિમલામાં એક રેલીને સંબોધિત કરતા રવિશંકર પ્રસાદે પૂછ્યું હતું કે, "રાહુલ ગાંધી ક્યાં છે, ક્યાં ગાયબ છે? તે પ્રવાસ પર છે, પણ હિમાચલ પ્રત્યે આટલી ઉદાસીનતા શા માટે?" એવું માનવામાં આવે છે કે આ પ્રશ્નોના કારણે પાર્ટી નેતૃત્વએ રાહુલ ગાંધીને પ્રચાર માટે ગુજરાત જવા વિનંતી કરી છે. આગામી થોડા અઠવાડિયામાં, ચૂંટણી-બાઉન્ડ રાજ્યમાં પક્ષના અગ્રણી નેતાઓ દ્વારા ઘણી પ્રચાર રેલીઓનું આયોજન કરવામાં આવ્યું છે. દરમિયાન, રાહુલ ગાંધી માટે ૨૨ નવેમ્બરનું શિડ્યુલ નક્કી કરવામાં આવ્યું છે, પરંતુ તેમની રેલીઓ ક્યાં યોજાશે તે હજુ સ્પષ્ટ નથી.

## સુરતમાં ઓવૈસીના વિરોધમાં મુસ્લિમ યુવાનોએ ફરકાવ્યા કાળા વાવટા, 'મોદી-મોદી'ના નારા લગાવ્યા

સુરત,

ગુજરાતમાં ૧ અને ૫ ડિસેમ્બરે યોજાનાર ચૂંટણી માટે માહોલ જોરદાર ગરમાયો છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સાથે એઆઈએમઆઈએ પણ આ વખતે મેદાનમાં છે. સુરતમાં પોતાના પક્ષના ઉમેદવાર માટે પ્રચાર કરવા આવેલા એઆઈએમઆઈએ પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીને રુદરપુરા ખાડી વિસ્તારમાં જનસભાને સંબોધિત કરતી વખતે વિરોધનો સામનો કરવો પડ્યો હતો. ઓવૈસીના સંબોધન દરમિયાન મુસ્લિમ યુવાનોએ કાળા વાવટા ફરકાવી તેમનો વિરોધ કર્યો હતો.

મળતી માહિતી મુજબ અસદુદ્દીન ઓવૈસી રવિવારે રાતે સુરતની પૂર્વ વિધાનસભા બેઠક પરના એઆઈએમઆઈએમ ઉમેદવાર વસીલ કુરેશીના પ્રચાર માટે સુરતમાં આવ્યા હતા. જ્યાં ભાષણ દરમિયાન અમુક મુસ્લિમ યુવાનોએ કાળા વાવટા ફરકાવીને નારા લગાવ્યા હતા. યુવાનોએ વાપસ જાઓ, વાપસ જાઓ, તેમજ મોદી-મોદી, મોદી ઝીંદાબાદના નારા પણ લગાવ્યા હતા. જો કે સમર્થકોએ બાદમાં આ યુવકોને દૂર હટાવી દીધા હતા પરંતુ થોડો સમય વાતાવરણ ગરમાયુ હતુ.

આ અગાઉ ૧૨ નવેમ્બર શનિવારના રોજ એઆઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી અમદાવાદના દાણીલીમડા વિધાનસભા ક્ષેત્રમાં તેમના પક્ષના ઉમેદવાર કૌશિક પરમારના પ્રચાર માટે એક સભાને સંબોધવા માટે જવાના હતા પરંતુ બાદમાં તેમની સભા રદ કરવામાં આવી હતી. જેના માટે એઆઈએમઆઈએમના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સાબિર કાબલીવાલાએ જણાવ્યુ હતુ કે, 'તેઓ કમરના દુ:ખાવાના કારણે આવી શક્યા નહોતા. પરંતુ બાદલમાં દાણીલીમડા જરુર આવશે.' જો કે, બીજા જ દિવસે તેઓ સુરતમાં પ્રચાર કરતા જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે એઆઈએમઆઈએમ દ્વારા જાહેર કરાયેલ ૩ બેઠકમાં અમદાવાદની બે - જમાલપુર-ખાડિયા અને દાણીલીમડા અને સુરત પૂર્વની એક બેઠકનો સમાવેશ થાય છે.

## વર્લ્ડકપમાં પાકિસ્તાન હારી જતાં કાશ્મીરી વિદ્યાર્થીઓ બગડ્યા: બેફામ પથ્થરમારો

નવીદિલ્હી,

ઈંગ્લેન્ડે મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલા ટી-૨૦ વર્લ્ડકપના ફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને ટ્રોફી જીતી લીધી છે. બાબરસેનાની હાર બાદ પંજાબના મોગામાં બે જૂથ વચ્ચે લોહિયાળ અથડામણ થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઘટના એક ખાનગી કોલેજમાં બનવા પામી હતી. લાલા લજપતરાય કોલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ મેનેજમેન્ટમાં જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થી જૂથની ટક્કર બિહાર અને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ સાથે થઈ જતાં અનેક ઘાયલ થઈ જવા પામ્યા હતા.

પ્રારંભીક તપાસમાં એવો ખુલાસો થયો છે કે આ ઝઘડો ટી-૨૦ વર્લ્ડકપના ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે પાકિસ્તાનની હાર બાદ શરૂ થયો હતો. કાશ્મીરી વિદ્યાર્થીઓ મોટાભાગે એક જ જ્ઞાતિના હતા અને કથિત રીતે પાકિસ્તાનનું સમર્થન કરી રહ્યા હતા. જ્યારે બિહાર અને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓએ પાકિસ્તાન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા જે પછી મામલો બગડ્યો હતો અને જોતજોતામાં પથ્થરમારો શરૂ થયો હતો. સ્થાનિક પોલીસ અધિકારીઓએ દાવો કર્યો કે સ્થિતિ હવે નિયંત્રણમાં આવી ગઈ છે. ઘાયલ થઈ ગયેલા વિદ્યાર્થીઓને જિલ્લા હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે જેમાંથી નવ વિદ્યાર્થીઓ અત્યારે ઈમરજન્સી વોર્ડમાં સારવાર મેળવી રહ્યા છે. હોસ્પિટલના વરિષ્ઠ ડૉક્ટરે જણાવ્યું કે ઘટનામાં કોઈને ગંભીર ઈજા પહોંચી નથી. અમુક વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર આપવામાં આવી છે. કોલેજ પરિસર અને હોસ્ટેલ આસપાસ મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

દરમિયાન કાશ્મીરી વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો છે કે બિહાર અને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓએ તેમના ધર્મ વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. અથડામણમાં ઘાયલ થયેલા એક કાશ્મીરી વિદ્યાર્થીએ કહ્યું કે જ્યારે તેમણે અમારા ઉપર પથ્થરમારો કર્યો ત્યારે અમે પણ એવો જ જવાબ આપ્યો હતો.આ મામલે મોગા પોલીસના એએસઆઈએ જણાવ્યું કે ઘટનાની જાણ થતાં જ પોલીસ દોડી ગઈ હતી. પોલીસ સામે કોઈ પ્રકારનો હંગામો કે મારપીટ થઈ નથી અને ન તો કોઈએ એકબીજા વિરુદ્ધ કોઈ પ્રકારના અપશબ્દનો ઉપયોગ કર્યો. આ પછી પોલીસે બન્ને પક્ષો વચ્ચે સમાધાન પણ કરાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ઑલરાઉન્ડર બેનસ્ટોક્સની મેચ વિનિંગ ૫૨ રનની ઈનિંગના દમ પર ઈંગ્લેન્ડ ચેમ્પિયન બન્યું છે. ૨૦૧૯માં ૫૦ ઓવર વર્લ્ડકપમાં પણ બેન સ્ટોક્સે જ અંગ્રેજોની જીતની ગાથા લખી હતી. સ્ટશેક્સે આ પછી પોતાને મોટશ મેચનો ખેલાડી સાબિત કર્યો અને દબાણયુક્ત સ્થિતિમાં શાનદાર ફિફ્ટી બનાવી હતી. પાકિસ્તાને પહેલાં બેટિંગ કરતાં માત્ર ૧૩૭ રન બનાવ્યા હતા જવાબમાં ઈંગ્લેન્ડે એક ઓવર બાકી રાખીને જીત મેળવી લીધી હતી.

## જાપાનમાં ભયંકર ભૂકંપથી ધરતી હચમચી, ૬.૧ની તીવ્રતા સાથે ટોબા ધણધણ્યું

ટોકયો,

છેલ્લા કેટલાક દિવસોથી જાપાન-નેપાળ અને ભારત સહિત આસપાસના વિસ્તારોમાં સતત ભૂકંપની ઘટનાઓ સામે આવી રહી છે. જાપાનમાં આવેલા ભૂકંપના કારણે સોમવારે ફરી પૃથ્વી ધ્રૂજી ઉઠી હતી. સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૧ માપવામાં આવી હતી. આ ભૂકંપ ટોબાના દક્ષિણપૂર્વથી ૮૪ કિમી દક્ષિણમાં આવ્યો હતો. ભૂકંપ બપોરે લગભગ ૧.૩૮ કલાકે આવ્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.આ પહેલા નેપાળમાં શનિવારે ૫.૪ની તીવ્રતાના ભૂકંપના કારણે દિલ્હી અને નેશનલ કેપિટલ રિજન (દ્રઝઈ)થી લઈને ઉત્તરાખંડ સુધી તેના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ ઉત્તરાખંડના પિથોરાગઢથી ૧૦૧ કિમી પૂર્વ-દક્ષિણ-પૂર્વમાં આવ્યો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. નેપાળના નેશનલ ભૂકંપ મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટર અનુસાર, ભૂકંપનું કેન્દ્ર બજાંગ જિલ્લાના પટાદેબલ ખાતે ૧૦ કિમીની ઊંડાઈએ ૨૯.૨૮ ડિગ્રી ઉત્તર અને રેખાંશ ૮૧.૨૦ ડિગ્રી પૂર્વમાં હતું. નેપાળમાં એક અઠવાડિયામાં આ ત્રીજો ભૂકંપ છે, પરંતુ તેના કારણે કોઈ જાન-માલના નુકસાનના અહેવાલ નથી. તે કાઠમંડુથી ૪૬૦ કિલોમીટર પશ્ચિમમાં સ્થિત બઝાંગ જિલ્લામાં સાંજે ૭.૫૭ વાગ્યે આવ્યો, જેના કારણે લોકો ડરીને ઘરની બહાર નીકળી ગયા. ભૂકંપના આંચકા હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના બિજનૌર, મુઝફ્ફરનગર અને શામલીમાં અન્ય જિલ્લાઓમાં અનુભવાયા હતા. નોઈડાના રહેવાસી કમલ તિવારીએ જણાવ્યું કે, તેમણે લગભગ ૧૦ સેકન્ડ સુધી ભૂકંપના આંચકા અનુભવ્યા. તેમણે કહ્યું કે આ આંચકા બુધવારના ભૂકંપના આંચકા જેટલા મજબૂત નહોતા, પરંતુ તેનાથી તે લોકો ડરી ગયા હતા.એવી જ રીતે રાજીવ ચોપડા પણ જ્યારે આંચકા અનુભવતા ત્યારે ઘરે પહોંચી ગયા હતા. ગાઝિયાબાદના રહેવાસી રાજીવે કહ્યું, હું રૂમમાં બેઠો હતો અને જોયું કે અચાનક પંખા અને ઝુમ્મર ધ્રૂજવા લાગ્યા. ઘણા લોકોએ ટ્વીટર પર પોતાના અનુભવો શેર કરતા પોતાના ઘરની બહાર ઉતાવળમાં એકઠા થયેલા લોકોની તસવીર શેર કરી છે.

અગાઉ, ઉત્તરાખંડમાં શનિવારે સાંજે ૪:૧૫ વાગ્યે ૩.૪ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્ર પૌડી ગઢવાલ ક્ષેત્રમાં હતું. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના ડેટા અનુસાર, ઉત્તરાખંડ-નેપાળ સરહદને અડીને આવેલા હિમાલયના ક્ષેત્રમાં ૮ થી ૧૨ નવેમ્બરની વચ્ચે વિવિધ તીવ્રતાના ઓછામાં ઓછા આઠ ભૂકંપ આવ્યા છે. પિથોરાગઢના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસર બીએસ મહારે પીટીઆઈને જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર નેપાળના સિલાંગ શહેરથી ત્રણ કિલોમીટર દૂર હતું, પરંતુ તેના આંચકા ભારત, ચીન અને નેપાળમાં અનુભવાયા હતા.

## ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી: મતદાનના દિવસે શાળા-કોલેજો અને સરકારી કચેરીઓમાં રજા રહેશે

અમદાવાદ,

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો જ રહ્યા છે ત્યારે ગુજરાતમાં વધુમાં વધુ મતદાન થાય એ માટે ચૂંટણીપંચ પ્રયત્નો કરી રહ્યું છે. મતદાનના દિવસે સ્કૂલો-કોલેજોથી અને સરકારી ઓફીસ બંધ રહેશે એવી જાહેરાત કરવામાં આવી છે.ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી બે તબક્કા થવાની છે. પહેલા તબક્કા માટે ૧લી ડિસેમ્બર અને બીજા તબક્કા માટે ૫મી ડિસેમ્બરના રોજ મતદાન થવાનું છે. ત્યારે જે દિવસે જે જિલ્લાઓમાં મતદાન હશે તે જિલ્લાઓની સ્કૂલ-કોલેજોથી માંડી સરકારી કચેરીઓ બંધ રહેશે. સ્કૂલો-કોલેજો એને સરકારી કચેરીઓના બિલ્ડીંગમાં મતદાન મથક પણ રાખવામા આવે છે. શિક્ષકો,અધ્યાપકોથી માંડી વહિવટી કર્મચારીઓ સહિતના મોટા ભાગના સરકારી કર્મચારીઓ ચૂંટણીની કામગીરીમાં રોકાયેલા હોય છે. આ ઉપરાંત કોલેજમાં અભ્યાસ કરતા અને મતદાન યોગ્ય વિદ્યાર્થીઓ મતદાન કરી શકે તે રજાની જાહેર કરવામાં આવી છે.

પ્રથમ તબક્કામાં ૧લી ડિસેમ્બરના રોજ સૌરાષ્ટ્ર,કચ્છ અને દક્ષીણ ગુજરાતની ૮૯ બેઠકો પર મતદાન થશે. જયારે બીજા તબક્કામાં ૫મી ડિસેમ્બરના રોજ બાકીની ૯૩ બેઠકો પર મતદાન છે. જેમાં મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓનો સમાવેશ થાય છે. ગુજરાતમાં વધુમાં વધુ મતદાન થાય એવા ધ્યેય સાથે વિવિધ માધ્યમોથી ચૂંટણીપંચ મતદાન અંગે જાગૃતિ ફેલાવી રહ્યું છે.

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# મહીસાગર જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો પર ઉમેદવારોએ શુભ મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભર્યા

## લુણાવાડા વિધાનસભા બેઠકના ભાજપ ઉમેદવાર જીગ્નેશ સેવકે પ્રાંત કચેરી ખાતે ઉમેદારી ફોર્મ ભર્યું



**બીજેપીની ટીકીટ માગનાર મજબૂત નેતાઓ હાજર ન રહેતા કાર્યકરો મુંજાયા**

ક્ષત્રિય સમાજના નેતા જુવાનસિંહ ચૌહાણ, સંજય બારીયા પાટીદાર સમાજના મજબૂત નેતા જે પી પટેલ પ્રો.હર્ષ દવે સહિત બીજેપીના અન્ય તાલુકા પંચાયતના અને જિલ્લા પંચાયત સહિત નગરપાલિકાના કોરિપોરેટરો હજાર ન રહેતા કાર્યકરો મુંજાયા હતા.

લુણાવાડા વિધાનસભા બેઠક પરથી ભાજપના જીગ્નેશ સેવકે સભા યોજી મોટી સંખ્યામાં સમર્થકો સાથે રેલી યોજી ફોર્મ ભર્યું

આગામી વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણી તારીખો જાહેર થયા બાદ વિવિધ રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરાઈ હતી ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ મહીસાગર જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો માટે ઉમેદવારો જાહેર કરાયા છે. મહીસાગર જિલ્લાની ત્રણ વિધાનસભા પૈકીની ૧૨૨ લુણાવાડા વિધાનસભા બેઠક પરથી જીજ્ઞેશભાઈ સેવકને ઉમેદવાર જાહેર કર્યા છે ત્યારે આજે જીગ્નેશભાઈ સેવક દ્વારા શુભ મુહૂર્તમાં પ્રાંત કચેરી લુણાવાડા ખાતે પોહચી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. ફોર્મ ભર્યા પહેલા મોટી સંખ્યામાં સમર્થકો કાર્યકરોએ રેલી અને સભા યોજી હતી. ઉમેદવારી ફોર્મ ભર્યા પહેલા લુણાવાડા શહેર ખાતેના નંદન આર્કેટ ખાતે પંચમહાલ લોકસભાના સાંસદ રતનસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને સભા યોજાઈ હતી જેમાં મદ્ય પ્રદેશથી આવેલા પ્રવાસી કાર્યકર્તા રાયસિંગજી અને વિજયભાઈ આઠવલે, સાથે, પૂર્વ ધારાસભ્ય હીરાભાઈ પટેલ, મહામંત્રી પ્રદીપસિંહ રાઠોડ,મહંત અરવિંદગિરી, શહેર ભાજપ પ્રમુખ હિમાંશુભાઈ શાહ,લુણાવાડા પાલિકા પ્રમુખ ભાવનાબેન મહેતા, સહિત ભાજપના અગ્રણી આગેવાનો હાજર રહ્યા હતા અને સભા યોજાઈ હતી ત્યારે બાદ નંદન આર્કેટ ખાતેથી મોટી સંખ્યામાં સમર્થકો કાર્યકર્તાઓ સાથે ડીજેના તાલે રેલી યોજાઈ હતી જે રેલી લુણાવાડા શહેરના ચરકોસીયા નાકા બસસ્ટેશન ચાર રસ્તા થઈ વરધરી રોડ પર થઈને મહીસાગર જિલ્લા સેવા સદન ખાતે પોહચી હતી જ્યાં પ્રાંત કચેરીમાં જઈ શુભ મુહૂર્તમાં જીજ્ઞેશભાઈ સેવકે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું.

## ૧૨૧ બાલાસિનોર વિધાનસભા મત વિસ્તાર ના ઉમેદવાર માનસિંહ ચૌહાણે ઉમેદવારી પત્ર ભર્યું



બાલાસીનોર,

આજે બાલાસિનોર વિધાનસભા ની ચૂંટણીનું ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર માનસિંહ ચૌહાણ દ્વારા કાર્યકતા અને હોદેદારો સાથે રાખી બાલાસિનોર અંબે માતાના દર્શન કરી અંબે માતાના મંદિરથી નાથ પાર્ટી પ્લોટ સુધી રેલી યોજી માનસિંહ ચૌહાણ દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યું અને ત્યારબાદ નાથ પાર્ટી પ્લોટ માં સભા યોજીને પ્રસંગને અનુરૂપ પ્રવચન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ગુજરાત પ્રદેશ માંથી નિરીક્ષક તરીકે આવેલા ડી.ડી.ચુડાસમ તેમજ મધ્ય પ્રદેશ ઉત્તર પ્રદેશ પ્રવાસી કાર્યકર્તાઓ તેમજ પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ પાઠક, જિલ્લા મહામંત્રી જયેન્દ્ર બારોટ, જિલ્લા પ્રમુખ જેઠાભાઈ વણકર, જિલ્લા ઉપપ્રમુખ છત્રસિંહ કે ચૌહાણ તેમજ જિલ્લા પંચાયતના સદસ્યો તાલુકા પંચાયતના સદસ્યો સરપંચો, પૂર્વ સરપંચો, પૂર્વ તાલુકા જિલ્લા પંચાયતના સદસ્યો અને બાલાસિનોર, વીરપુર, કઠલાલ, કપડવંજના ભાજપના કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સંતરામપુરમાં ૧૨૩ વિધાનસભાના ઉમેદવાર કુબેરભાઈ ડીંડોર મોટી સંખ્યામાં કાર્યકરો સાથે ઉમેદવાર પત્ર ભર્યો



સંતરામપુર,

સંતરામપુર ૧૨૩ વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા શરૂ થતા જ આજરોજ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર કુબેરભાઈ ડીંડોર સંતરામપુર પ્રતાપુરા ના મહાકાળી મંદિરે દર્શન કરીને વિધાનસભાના પેનલ કાર્યકર્તાઓ શક્તિ કેન્દ્રના પેજ પ્રમુખ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ભેગા થઈને અને સાદગી પૂર્વક મોરબીના હોનારત ઘટનાના કારણે પૂર્વક વિવિધ વિસ્તારોમાં ફરીને સંતરામપુર પ્રાંત કચેરી મહીસાગર જિલ્લાના ભારતીય જનતાના પ્રમુખ દશરથસિંહ બારીયા અને મોટી સંખ્યામાં કાર્યકર્તા સાથે આજે પ્રાંત કચેરી કુબેરભાઈ ડીંડોરે પોતાનો ઉમેદવારી પત્ર ભર્યું હતું. ઉમેદવારી પત્ર કાર્યકર્તામાં ઉત્સવનું માહોલ જોવા મળ્યો હતો.

## મહીસાગર જિલ્લાની ત્રણ બેઠકો ૧૦૫ ફોર્મ ઉપાડ્યા અને ૧૨ ફોર્મ પરત આવ્યા

લુણાવાડા

લુણાવાડા વિધાનસભાની ત્રણ બેઠક પર ભાજપ અને આપ દ્વારા ઉમેદવાર જાહેર કર્યા છે જ્યારે કોંગ્રેસ સહિત અન્ય રાજકીય પક્ષોમાં ઉમેદવારની પસંદગી માટે કોકડું ગુંચવાયું છે. ત્રણે વિધાનસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસે સાથે આમ આદમી પાર્ટીએ પણ ચૂંટણી મેદાનમાં છે ત્યારે ૧૫ નવેમ્બર સુધી થી વિધાનસભા ઉપર ત્રણ દિવસમાં ચૂંટણી લડવા માટે ઉત્સુક એવા ૧૦૫ વ્યક્તિએ ફોર્મ ઉપાડ્યા હતા.

ત્રણે સીટ પર ભાજપ , કોંગ્રેસે તેમજ આપ સાથે અપક્ષના ઉમેદવારોઓ આ વખતે દાવેદારી નોંધાવશે. ત્યારે આજે ત્રણ વાગ્યે સુધી જિલ્લાની ત્રણે વિધાનસભામાં બીજેપીના ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા એ સહિત આપ અને સહિત જિલ્લાની ત્રણે સીટોના ૧૨ ફોર્મ ભરાયા હતા. તો બીજી તરફ સોમવાર સમી સાંજ સુધી કોંગ્રેસ પક્ષ દ્વારા જિલ્લાની ત્રણે સીટના ઉમેદવાર હજી સુધી જાહેર કર્યા નથી. જિલ્લામાં મુખ્ય ગણાતી સીટ પર કોંગ્રેસ પક્ષ કોને ટિકિટ આપવી તેના નામની આખરી ચર્ચાઓ થઇ રહી હોવાનો સૂત્રોએ દાવો કર્યો હતો. તો બીજી તરફ ક્ષત્રિય સમાજનું મહત્વ ન આપતા તમેજ એસટી સમાજના દાખલાના વાયદાને લઈ લુણાવાડા સીટ પર અપક્ષ ઉમેદવારો વધી શકે તેમ છે. બીજી તરફ આગામી દિવસમાં ઉમેદવારો ફોર્મ ભરવા , ચકાસણી સહિતની ચૂંટણીની કામગીરીને પહોચી વળવા તંત્ર દ્વારા પૂરજોશમાં કામગીરી હાથ ધરાઇ છે.

## ભાદર જળાશય યોજના પિયત વિસ્તારની નહેરોમાંથી રવી સિઝન ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે પાણી આપવા અરજી મંગાવવામ આવી

**રવી સિઝન ૨૦૨૨-૨૩ સિંચાઇ માટેનું પાણી તા.૨૧/૧૧/૨૦૨૨ થી ૧૫/૦૩/૨૦૨૩ સુધી આપવામાં આવશે.**

મહિસાગર,

કાર્યપાલક ઈજનેર કડાણા વિભાગ ની દિવડા કોલોની હસ્તકની ભાદર જળાશય યોજના પિયત વિસ્તારમાં રવી સિઝન સિંચાઇનો લાભ લેવા માંગતા સિંચાઇ વિસ્તારના બાગાયતદારોને જણાવવામાં આવે છે. કે ચાલુ વર્ષે રવી સિઝન ૨૦૨૨-૨૩ માટે પાણી લેવા માટેની અરજીઓ સરકારએ નિયત કરેલ ફોર્મમાં સબંધિત સેકશન કચેરીએથી મેળવી સરકારના વર્તમાન નિયમો મુજબ સંપૂર્ણ હકીકત પુરેપુરી ભરીને રજુ કરવી, કોરા અરજી પત્રકો જે તે સેકશન ઓફિસેથી વિના મુલ્યે ઉપલબ્ધ થશે જે તે નહેર/માઇનોર વોટર કોર્સ પરના લાભિત બાગાયતદારોમાંથી ઓછામાં ઓછા ૫૦% બાગાયતદારોએ સિંચાઇનું પાણી મેળવવા અરજી કરી તો તેવા નહેર માઇનોર વોટર કોર્સમાંજ સિચાઇ માટે પાણી આપવામાં આવશે જે તે નહેર પિયત વિસ્તાર માંથી જો ખુબ જ ઓછો વિસ્તાર માટે પાણી મેળવવા અંગેની અરજીઓ આવશે. તો તેવા વિસ્તારમાં સિંચાઇ માટે પાણી આપવું કે નહીં તેવા નિર્ણય નહેર અધિકારીને આધિન રહેશે. જેની સિંચાઇકારોએ ખાસ નોધ લેવી જે તે નહેર મંડળી દ્વારા પાણી લેવા માટેની અરજી કરવામાં આવશે તેને પિયત માટે પાણી આપવા માટે પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. તેમજ પિયત મંડળીની રચના કરવા ઉત્સુકતા દર્શાવશે તે માઇનોર/ સબમાઇનોર ને પ્રધાન્ય અપાશે આગોતર પિયવાની બાકી રકમ પ્રથમ ભરપાઇ કરવાની રહેશે. સિંચાઇનું પાણી સરકાર દ્વારા ધારા ધોરણ મુજબ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. પાછલા બાકી પિયાવાની રકમ નિયમોનુસાર ભર્યાબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે તેની બાગાયતદારોએ ખાસ નોંધ લેવી સિંચાઇ માટે ઢાળિયાને વ્યવસ્થિત રીતે રાખવાની જવાબદારી સંબંધિત ખાતેદારોની છે. અને તે જો પાણી લેવાના સમય સુધીમાં સાફ થયેલ ન હોય તો પાણી વહેવડાવવાનું બંધ કરી શકાય છે. પોતાના ઢાળીયામાંથી બીજા ખેડુતોને પાણી મળે તે હેતુથી પાણી વહેવા દેવુ જોઇએ તે દરેક સિંચાઇકારની પ્રાથમિક રીતે પવિત્ર ફરજ છે. આમાં બિન જરૂરી હસ્તક્ષેપ કે વિક્ષેપ કરવાનો પ્રયાસ કરનાર ઇસમ સામે કાયદાકીય કાર્યવાહી થઇ શકે છે. જેની તમામ બાગાયતદારોએ નોંધ લેવી. વધુમાં જણાવવાનું કે રવી સિઝન ૨૦૨૨-૨૩ સિંચાઇ માટેનું પાણી તા.૨૧/૧૧/૨૦૨૨ થી ૧૫/૦૩/૨૦૨૩ સુધી આપવામાં આવશે. તેમ નાયબ કાર્યપાલક ઈજનેર ભાદર નહેર વિતરણ પેટા વિભાગ લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ૧૨૯ ફતેપુરા વિધાનસભાના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર મંગળવારના રોજ ઉમેદવારી પત્ર રજૂ કરશે

ફતેપુરા,

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર રઘુભાઈ દીતાભાઈ મછારને કોંગ્રેસ પાર્ટી દ્વારા ટિકિટની ફાળવણી કરવામાં આવતા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર તારીખ ૧૫ /૧૧/ ૨૦૨૨ને મંગળવારના રોજ સવારના ૧૦.૧૫ કલાકે ટેકેદારો અને દરખાસ્ત કરનારના સાથે રાખીને મામલતદાર કચેરીમાં આવીને ચૂંટણી અધિકારીને ૧૨૯ વિધાનસભાના સભ્ય માટેનું પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કરશે

## આપની આજ.......

મેષ:કોઈ પ્રતિયોગી પરીક્ષા માટે તમારે તૈયાર રહેવું પડશે. જો તમે તમારા વ્યવસાય કે વેપાર સંબંધિત કોઈ કરાર કે લખાણનું કામકાજ કરવા માંગતા હોવ તો તેને બે જ દિવસમાં પુરૂ કરી લેજો.

વૃષભ:ઘરના સભ્યો કે સંતાન વ્યવહારથી તમે દુ:ખી રહેશો. પત્ની કે પ્રેમિકા પણ આવા પ્રકારના વ્યવહારથી તમને વ્યથિત કરી શકે છે, જેથી તમે મનોમન પરેશાન રહો.

મિથુન:કાર્યક્ષેત્રમાં તમારા કામની પ્રસંશા થશે, પરંતુ સાથો સાથ તમારા દુશ્મની નિંદાઓ પણ વધશે. આવામાં તમારે જરાય પરેશાન થવાની જરૂર નથી. બસ તમારે તમારા કામ પર ફોકસ કરવાની જરૂર છે.

કર્ક: આજે તમને વ્યવસાયમાં તમારા ઉચ્ચ અધિકારીઓનો સહયોગ મળશે. નોકરીમાં બની શકે છે કે આજે કોઈ કારણથી તમારે વિવાદ થઈ જાય, આવી સ્થિતિમાં વાણી પર કાબૂ રાખવાની જરૂર છે.

સિંહ:છેલ્લાં કેટલાંક દિવસોથી તમે નાના-મોટા કામ બગડી જવાથી આશ્ચર્યમાં છો. બની શકે છે કે આજે તમારા આ કામમાં સુધારો આવી શકે. તેમ છતા પણ કોઈ ડર કે શંકાના કારણે તમારૂ મન અશાંત રહી શકે છે.

કન્યા:આજનો દિવસ તમારો સારો પસાર થશે. કાર્યક્ષેત્રમાં પણ સૌનો સહયોગ મળશે. જો શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રયાસ કરી રહ્યા હોવ તો આજનો દિવસ તમારા માટે શુભ સાબિત થઈ શકે છે.

તુલા:હાલનો સમય કાર્યક્ષેત્રમાં અવર-જવરનો અને નિયમબદ્ધ કામ પૂરો કરવાનો ચાલી રહ્યો છે. આ દરમિયાન નજીકના લોકો ચિંતામાં વધારો કરી શકે છે. જો તમે પ્રેમ સંબંધમાં હોવ તો વહેલી તકે નિર્ણય લઈ લેજો,

વૃશ્ચિક:આજે નોકરી કે વેપાર-ધંધામાં આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. આ સિવાય બની શકે છે કે કોઈ કામ શરૂ કરવામાં વધુ સમય લેવો પડે. આ કારણે તણાવ વધી શકે છે, પરંતુ યાદ રાખજો કપરો સમય જતો રહે છે

ધનુ:આજે સવારથી જ પ્રતિકુળ દિવસ તમારા માટે રહેશે. આ સિવાય કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કોઈ પરિવર્તન આવી શકે છે, જેના કારણે તમારો મૂડ પણ બગડી શકે છે, પરંતુ તમે ધૈર્યથી કામ લેજો.

મકર:આજે આરોગ્યની કાળજી લેજો. દિવસના પહેલા ભાગમાં વધુ પડતા કામ આવી પડશે. બની શકે ત્યાં સુધી મહત્વના કામો પહેલા પૂરા કરી લેવા. જેથી કોઈ નુકસાન ન વેઠવુ પડે. બપોર પછીનો સમય પડકારભર્યો રહી શકે છે.

કુંભ:આજનો દિવસ તમારા માટે એવરેજ રહેશે. વેપારમાં સ્થિતિ સુધરતી નજરે પડશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી મજબૂતી વધશે.

મીન:આજે આવક કરતા ખર્ચ વધુ થશે. આવામાં સંતુલન જાળવી રાખજો. ધ્યાન રાખજો કે, સારો મૂડ હોવાના કારણે એવું ન બને કે બીજાની મદદ કરવામાં તમે સારા નરસાનું ભાન ભૂલી જાવ. જરૂરિયાતમંદોની જ મદદ કરજો,

### લિવ ઈન પાર્ટનરે પ્રેમિકાના ૩૫ ટૂકડાં કર્યા

## આફતાબ રોજ રાતે ૨ વાગે શ્રદ્ધાના ટૂકડાં જંગલમાં ફેંકતો હતો, ૧૮ દિવસમાં ઠેકાણે પાડ્યા

### શ્રદ્ધાના પિતાએ ૮ નવેમ્બરે પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી.આરોપી યુવકની ધરપકડ



મુંબઇ,

મુંબઈના કોલ સેન્ટરમાં નોકરી કરતા મિત્રતા થઈ હતી, દોસ્તી પછી પ્રેમ પાંગર્યો. પ્રેમ એટલો ગાઢ હતો કે જ્યારે પરિવારે વિરોધ કર્યો તો બંને ઘર છોડીને દિલ્હી આવી ગયા, પરંતુ એક દિવસ ઝઘડો થયો અને યુવકે યુવતીને મોતને ઘાટ ઉતારીને તેના શરીરના ૩૫ ટુકડા કરી નાખ્યા. આ સનસનીખેજ હત્યાનો મામલો દિલ્હીના મહેરૌલી વિસ્તારમાંથી સામે આવ્યો છે. જો કે હત્યાની આ ઘટના ૬ મહિના જૂની છે અને આમાં પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી છે, જેનું નામ આફતાબ છે.

કહાનીની શરૂઆત માયા નગરી મુંબઈથી થાય છે, જ્યાં મુંબઈના મલાડ વિસ્તારમાં કોલ સેન્ટરમાં કામ કરતી શ્રદ્ધાની મુલાકાત આફતાબ સાથે થઈ હતી. બંને મિત્રો બન્યા અને ધીરે ધીરે આ મિત્રતા પ્રેમમાં બદલાઈ હતી.થોડા દિવસ મુંબઈમાં રહ્યા પછી બંને દિલ્હી આવ્યા અને અહીં જ રહેવા લાગ્યા હતા. દોસ્તી ધીરે ધીરે પ્રેમમાં ફેરવાઈ ગઈ. પરિવારજનોના વિરોધ પર બંને દિલ્હી આવી ગયા હતા. શ્રદ્ધાના પરિવારજનો ફોન દ્વારા દીકરી વિશે માહિતી મેળવતા હતા.

૧૮ મે પછી શ્રદ્ધાએ પરિવારના ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. જેથી ચિંતા થતા પિતા વિકાસ મદન દીકરીની હાલત જાણવા ૮મી નવેમ્બરે દિલ્હી પહોંચ્યા હતા. જ્યારે તેઓ તેમના ઘરે પહોંચ્યા ત્યારે ત્યાં તાળું હતું. પિતાને દિલ્હીમાં દીકરી ન મળતાં તેમણે દિલ્હી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી અને પુત્રીના અપહરણના આરોપ લગાવ્યા હતા. શ્રદ્ધાના પિતાએ જણાવ્યું હતુ કે તેમની પુત્રી મુંબઈના કોલ સેન્ટરમાં કામ કરતી હતી. અહીં તેની મુલાકાત આફતાબ નામના યુવક સાથે થઈ અને બંને વચ્ચે ખૂબ જ ગાઢ મિત્રતા હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, શ્રદ્ધાએ આફતાબ પર લગ્ન માટે દબાણ કર્યું ત્યારે તેણે તેની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતુ. દિલ્હી પોલીસના એક અધિકારીએ મીડિયાને કહ્યું- હત્યા બાદ આફતાબે મૃતદેહના ૩૫ ટુકડા કર્યા હતા અને ૧૮ દિવસ સુધી તે આ ટુકડાઓને દિલ્હીમાં જુદા જુદા વિસ્તારોમાં ફેંકીને ઠેકાણે પાડતો હતો. પોલીસની ફોરેન્સિક ટીમ મૃતદેહો વિશે માહિતી એકઠી કરી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૮ મેના રોજ આરોપી આફતાબ અને શ્રદ્ધા વચ્ચે ઝઘડો થયો હતો. આ દરમિયાન શ્રદ્ધા બૂમો પાડી રહી હતી. આરોપી આફતાબે શ્રદ્ધાનું મોઢું દબાવી દીધું જેથી આસપાસના લોકો અવાજ ન સાંભળી શકે અને આ દરમિયાન શ્રદ્ધાનું મોત થઈ ગયું. શ્રદ્ધાને મૃત જોઈને આફતાબ ગભરાઈ ગયો, ત્યારબાદ આફતાબે શ્રદ્ધાના મૃતદેહને ઠેકાણે પાડવાનું વિચાર્યું હતુ.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આરોપી આફતાબ ૧૮ દિવસ સુધી રાત્રે ૨ વાગે ઘરની બહાર નીકળતો હતો અને શ્રદ્ધાના મૃતદેહના ટુકડાઓ એક પછી એક મહેરૌલીના જંગલોમાં ફેંકી ઠેકાણે પાડતો હતો.આરોપી એટલો ચાલાક હતો કે ૧૮ દિવસ સુધી શ્રદ્ધાના મૃતદેહના ટુકડામાંથી ગંધ ન આવે તે માટે તેણે બજારમાંથી એક મોટું ફ્રીજ ખરીદ્યું અને તે ફ્રિજમાં શ્રદ્ધાના શરીરના ટુકડા રાખ્યા. આરોપી રાત્રે ૨ વાગે ઘરની બહાર નીકળતો હતો અને શ્રદ્ધાના મૃતદેહના ટુકડાઓ એક પછી એક મહેરૌલીના જંગલોમાં ફેંકી ઠેકાણે પાડતો હતો.

આરોપી રાત્રે ૨ વાગે ઘરની બહાર નીકળતો હતો અને શ્રદ્ધાના મૃતદેહના ટુકડાઓ એક પછી એક મહેરૌલીના જંગલોમાં ફેંકી ઠેકાણે પાડતો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આફતાબે શરીરના ટુકડા કરવા માટે આરીનો ઉપયોગ કર્યો હતો. તેણે પહેલા તેના હાથના ત્રણ ટુકડા કર્યા. આ પછી પગના ત્રણ ટુકડા પણ કર્યા. આ પછી, તે દરરોજ તેમને થેલીમાં લઈને મોડી રાત્રે ઘરની બહાર નીકળીને તેને જંગલમાં ફેંકવા માટે લઈ જતો.

તેણે મે મહિનામાં શ્રદ્ધાની નિર્દયતાથી હત્યા કરી અને મૃતદેહના ૩૫ ડેટલા ટુકડા કરી નાંખ્યા હતા. બાદમાં આ ટુકડાને જંગલમાં અલગ અલગ જગ્યાએ ફેંકી દીધા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આફતાબે શ્રદ્ધાનું ગળું દબાવીને હત્યા કરી હતી અને આરી વડે મૃતદેહના ૩૫ ટુકડા કરી પોતાના ઘરમાં રાખ્યા હતા. આ માટે આફતાબે નવું મોટું ફ્રીજ ખરીદ્યું હતુ. મૃતદેહના ૩૫ જેટલા ટુકડાને ફ્રીજમાં સંતાડી રાખ્યા હતા. બાદમાં ૧૮ દિવસ સુધી રાત્રે બે વાગ્યે તે એક પછી એક મૃતદેહના ટુકડાને પ્લાસ્ટિકની થેલીમાં ભરીને જંગલમાં ફેંકી ઠેકાણે પાડવા જતો હતો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દે.બારીયાની પરંપરાગત સીટના ઉમેદવાર બચુભાઈ ખાબડે જનમેદનાની સાથે ઉમેદવારીપત્રનું ફોર્મ ભર્યું





દે.બારીયા,

દે.બારીયા ૧૩૪ સીટીની ઉમેદવારી ફરી એક વખત મળતા બચુભાઈ ખાબડ લાવલશ્કર સાથે બસ સ્ટેન્ડના પાસે ત્રણ રસ્તે લગભગ ૫ થી ૬ હજાર જનમેદના સાથે પોતાની ઉમેદવારી પત્ર ભરવા માટે ભેગા થયા હતા. સૌનો એક જ સૂર હતો વાદ નહિ વિવાદ નહી ખાબડ જેવી વાત નહીં, કહો દિલ સે ખાબડ ફિર સે આ સૂત્રો વિશાલ જનમેદનાના સ્ટેજ ઉપરથી સૂર સંભળાતા હતા. દે.બારીયા શહેરમાં સાઉન્ડ સીસ્ટમ પ્રથમવાર જોવા મળી છે. શહેરના મેન રસ્તાઓ ઉપર લાઉડ સ્પીકર થી સભાના પ્રવચનનો અવાજ ધાનપુર રોડ સર્કલ થી લઈને સ્ટેશન શેરી, બસ સ્ટેન્ડ તેમજ પોલીસ ચોકી, સમડી સર્કલ થી કન્યાશાળા રોડ થી વિકટરી સર્કલ બજાર તથા ટાવર શેરી, શુક્વારી બજારથી લઈને સુભમ કોમ્પ્લેકસ થી ટેલીફોન ઓફિસ થી લઈ સંચાગલીના નાકે પાવાગઢના રોડ સુધી સભાના સ્થળેથી આખા પ્રોગ્રામનું સાઉન્ડ લાઈવ સંભળાતું હતું. આ શહેરમાં પહેલીવાર થવા પામ્યો છે. સવાર થી જ જડબે સલાક પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સભાની શરૂઆત એક કલાકે શરૂ કરવામાં આવી હતી. શાળાની બાળાઓએ સ્વાગત ગાઈ સ્વાગત મંત્રી ભર્યાનું કર્યો હતો. તુષારસિંહ બાબાના પ્રવચનમાં જણાવતા એક લાખ વોટ થી ખાબડ સાહેબ જીતેલા છે. ત્યારબાદ દાહોદ સીટના સાંસદ જશવંત ભાભોરના પ્રવચનમાં જણાવ્યું હતું. દાહોદ જીલ્લાના વિકાસ પુરૂષ એટલે બચુભાઈ તેમણે નર્મદાના નીર દાહોદ જીલ્લાની ધરા ઉપર લાવ્યા છે. ત્યારબાદ દે.બારીયાના લોકલાડીલા બચુભાઈ ખાબડના પ્રેરક પ્રવચનમાં જણાવ્યું હતું કે, દે.બારીયાને પાવન ધરાએ મને જીલ્લાના નેતૃત્વએ ઉમેદવારી કરવાનો અવસર આપ્યો છે. આપની ભરપૂર પ્રમાણમાં જનમેદના કહી રહી છે. દાબી.. દાબી..ને કમળના બટનના ઉપર આપણી છાપ પડી જાય તેવા પ્રમાણે મતદારોને ઘરના, ફળીયાના, ગામના, મીત્ર મંડળના, સગાવ્હાલા તે પ્રમાણે ભરપુર રીતે કામે લાગી જવાનો આહ્વાન કરાયો હતો. શહેર હોય ગામડું હોય તેનું વિકાસનું સંકલ્પ સાથે મારા ૨૦ વર્ષના કાર્ય કરવા અને ફરી તમારા માટે આ ચુંટણી લડી રહ્યો છું. લીમખેડામાં વડાપ્રધાનની સભામાં કડાણાના પાણી લાવવા માટે આવ્યા તો વિરોધ પક્ષે કાળા વાવટા સાથે વિરોધ કર્યો હતો. વધુમાં જણાવતા આપ પાર્ટીના રેવડી કલ્ચરના વાયદાઓથી અંજાસો નહિ અને હવે અહીંથી મામલતદાર ઘર ઓફિસે મારી સાથે ઉમેદવારીપત્ર ભરવા તમારે રેલીના સ્વરૂપે જવાનું છે. પ્રવચન કરીને દે.બારીયાની ૧૩૪ સીટની ફરી હાથમાં લેવાનો અવસર બચુભાઈના કંધે આવ્યો છે. સૌનો વિશ્વાસ સૌનો સાથ સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ મારી જીત નિશ્ચિત છે. એ મને વિશ્વાસ સાથે કહું છું. તેમાં બે મત નથી.

સ્ટેજના મંચસ્તો મહાનુભાવોમાં જસવંતભાઈ ભાભોરે દાહોદ સીટના સીટીંગ સાંસદ છે તથા શંકરભાઈ અમલીયાર, તુષારસિંહ બાબા પૂર્વ ધારાસભ્ય મનુભાઈ મકવાણા, કરણમામા, ડાં. ચાર્મીબેન સોની દે.બારીયા નગર પાલિકા પ્રમુખ, ભરત ભરવાડ, મહેશ બાલવાણી, ઈલ્યાસભાઈ મન્સુરી તથા વિપુલ પટેલ હાજર રહીને સ્ટેજની શોભા વધાવી હતી.

# ગરબાડા વિધાનસભા કોંગ્રેસ ઉમેદવાર ચંદ્રિકાબેન બારીયાએ જંગીજન મેદની વચ્ચે સાથે ઉમેદવારી ફોર્મ ભર્યું





દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા વિધાનસભા માટે આજરોજ કોંગ્રેસના ઉમેદવાર ચંદ્રિકાબેન બારીયા દ્વારા આજરોજ જંગી જનમેદની સાથે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. ઉમેદવારી ફોર્મ ભરવા જતાં લોકોમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં ચંદ્રિકાબેન બારીયાના ટેકેદારો હાજર રહ્યાં હતાં.ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ૧૦ તારીખથી જાહેરનામું પ્રસિદ્ધ થતા ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્ર ભરવાની તૈયારીઓમાં જોતરાયા છે. જોકે પ્રથમ ચરણના ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભરવાનું ચાલુ કરી દીધું છે. ત્યારે દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ છ વિધાનસભા બેઠકો પૈકી ચાર વિધાનસભા બેઠકો પર બીજેપી– કોંગ્રેસ દ્વારા ઉમેદવારોના નામોની જાહેરાત કરી દીધી છે. જેમ જેમ વિધાનસભાની ચુંટણી નજીક આવતાં જાય છે. તેમ ઉમેદવારો અને તેઓના કાર્યકર્તાઓ તેમજ ટેકેદારોમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. ત્યારે દાહોદ જિલ્લાની ગરબાડા વિધાન સભાના કોંગ્રેસના ઉમેદવારને ગતરોજ હાય કમાન્ડના મૌખિક આદેશ બાદ ચંદ્રિકાબેન બારીયા દ્વારા આજરોજ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. ઉમેદવારી ફોર્મ ભરતી વેળાએ મોટી સંખ્યામાં ચંદ્રિકાબેન બારીયા કાર્યકર્તાઓ અને ટેકેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

# ગરબાડાના જાંબુઆ ગામે પશુના તબેલામાં આગ લાગતાં ૬ પશુઓ આગમાં ભડથું થયા

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જાંબુઆ ગામે પશુના તબેલામાં આકસ્મિક આગ ભભુકી ઉઠતાં ૬ જેટલા મુંગા પશુઓ ભીસણ આગમી બળીને ભડથું થઈ ગયાં હતાં. ઘટનાને પગલે ગામમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ નજીકના ફાયર ફાઈટરના લાશ્કરોને કરવામાં આવતાં ફાયર ફાઈટરના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

ગરબાડા તાલુકાના જાંબુવા ગામે બસ સ્ટેન્ડ વિસ્તારમાં રહેતા માનસિંગભાઈ ગુમલાભાઈ ભાભોર ખેતી કામની સાથે ગાયોનો તબેલો પણ છે. તેમના તબેલામાં સાતથી આઠ જેટલી ગાયો અને આઠેક જેટલા બકરા પણ હતા ત્યારે ગતરોજ રાત્રીના બારેક વાગ્યાના આસપાસ તેઓને તબેલામાં આકસ્મિક આગ ફાટી નીકળતાં આગે વિકરાળ રૂપ ધારણ કર્યું હતું. ઘટનાને પગલે આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં. સ્થાનીક લોકોએ હાથમાં જે આવ્યું તેમાં પાણી ભરી આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ આગ ઉપર કાબુ મેળવવો મુશ્કેલ જણાતાં સ્થાનીક ફાયર ફાઈટરને જાણ કરવામાં આવતાં ફાઈચર ફાઈટરના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળે દોડી ગયાં હતાં અને પાણીનો મારો ચલાવી બે કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગમાં ત્રણ ગાયો અને ત્રણ બકરા બળીને ભડથું થઈ ગયાં હતાં. રાત્રીના બનેલ આ ઘટનાને પગલે ગ્રામજનોમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

# ઝાલોદ તાલુકાના કંબોઇ ધામ ખાતે મહેશ ભૂરિયા દ્વારા કાર્યકર્તા સંમેલન યોજાયું



ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં ભાજપ દ્વારા હજુ સુધી વિધાનસભાના ઉમેદવારની જાહેરાત કરવામાં આવી નથી તેવામાં મહેશભાઈ ભૂરિયા દ્વારા કાર્યકર્તાઓને ભેગા કરી કાર્યકર્તા સંમેલન યોજવામાં આવ્યું હતું. તેમાં ખૂબ મોટા પ્રમાણમાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યકર્તાઓ દ્વારા મહેશભાઈ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ ના નારા સાથે આખાં કંબોઈ ધામને ગજવી દીધુ હતું અને મહેશભાઈ ભૂરિયા દ્વારા ૧૭ તારીખે વિધાનસભાના ઉમેદવાર માટે ફોર્મ ભરવા માટે ઝાલોદ પ્રાંત ઓફિસ ખાતે જનાર છે. તેમાં ખૂબ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જાતે તેમના સમર્થનમાં હાજર રહે તેમ તેમણે જણાવ્યું હતું અને આવનાર વિધાનસભાની ચૂંટણીમાં હવે ગણતરીના દિવસો બાકી હોવાથી સહુ કાર્યકર્તાઓ મહેશભાઈ ભૂરિયા માટે પ્રચાર ચાલુ કરી દે તેવું આહ્વાન પણ કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ કોંગ્રેસના ઉમેદવારના વિરોધમાં રાજીનામા આપવા ગયેલ કાર્યકરોને ખાત્રી બાદ નિર્ણય નહિ લેતાં સામૂહિક રાજીનામા આપ્યા



ઝાલોદ,

૧૩૦ ઝાલોદ વિધાનસભામાં ડો.મિતેશભાઈ ગરાસિયાને કોંગ્રેસ પક્ષના ઉમેદવાર જાહેર કરવામાં આવતાં ઝાલોદ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન કાર્યકર્તાઓ દ્વારા મોટી સંખ્યામાં વિરોધ કરવામાં આવેલ હતા અને તમામ કાર્યકર્તાઓ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય દાહોદ ખાતે સામુહિક રાજીનામાં મુકવા ગયેલ હતા. તે સમયે પ્રદેશ નેતૃત્વ દ્વારા જાણ કરવામાં આવેલ હતી કે આવતી કાલે આપ સૌ આંણદ ખાતે આવો ત્યાં સાવલી ખાતે કોંગ્રેસ પક્ષ ના મુખ્ય જવાબદાર આગેવાનો ઉપસ્થિત રહેનાર હોઈ તમારી રજુઆત સાંભળવામાં આવશે. જે બાબતે ઝાલોદ કોંગ્રેસના તમામ આગેવાન કાર્યકર્તાઓ સાવલી મુકામે જઈ પ્રદેશ કોંગ્રેસના મુખ્ય આગેવાનોને મળીને ઝાલોદ વિધાનસભાની વર્તમાન પરિસ્થિતિ અંગે રજુઆત કરેલ હતી અને પ્રદેશ નેતૃત્વ એ ઘટતું કરવાની ખાતરી આપેલ હતી. પરંતુ આજદિન સુધી કોઈ નિર્ણય ન લેતાં તેમજ કાર્યકર્તાઓના ફોન પણ રીસીવ ન કરતાં આજરોજ ઝાલોદ કોંગ્રેસના મુખ્ય આગેવાન કાર્યકર્તાઓ સંજયભાઈ નિનામા, દાહોદ જિલ્લા યુથ પ્રમુખ તેમજ દાહોદ જિલ્લા આદિવાસી સેલ પ્રમુખ મુકેશભાઈ ડામોર અને પ્રદેશ સેવાદળ સંગઠક દિનેશભાઈ પારગી, જિલ્લા કોંગ્રેસ મંત્રી દિનેશભાઈ ભાભોર, માજી ઝાલોદ તાલુકા પંચાયત પ્રમુખ કનુભાઈ ડામોર, માજી દાહોદ જિલ્લા મહિલા પ્રમુખ શોભનાબેન ડામોર, જિલ્લા પ્રભારી સુરેશભાઈ કિશોરી, તાલુકા સંયોજક ભરતભાઈ ભાભોર, સોસિયલ મિડીયા પ્રમુખ સુનિલભાઈ બારિયા, સતિશભાઈ બારિયા, સેમ્યુલભાઈ ચારેલ સહિત તમામ આગેવાન કાર્યકર્તાઓએ પ્રદેશ નેતૃત્વ થી નારાજ થઈ ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશભાઈ ડાંગીને અપક્ષ અને કોંગ્રેસ પક્ષનું એમ બે ફોમ લેવડાવી જો પ્રદેશ નેતૃત્વ કોઈ યોગ્ય નિર્ણય નહિ લે તો મુકેશભાઈ ડાંગીને અપક્ષ ઉમેદવાર તરીકે બહુમતી થી વિજેતા બનાવવાના મક્કમ નિર્ણય સાથે ચુટણી અધિકારી પાસેથી ફોમ લીધેલ હતા અને તા.૧૬ નવેમ્બર ના રોજ ભારે સંખ્યામાં ઉમેદવારી ફોર્મ ભરવા માટેનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ સાથે ઝાલોદ વિધાનસભાના ૩૮ તાલુકા પંચાયત અને ૯ જિલ્લા પંચાયતના સંયોજકો/સહ સંયોજકો/ કન્વિનરો/સહ કન્વિનરો અને સેલ/ ડિપાર્ટમેન્ટ ના તમાન પ્રમુખો અને આગેવાન કાર્યકર્તાઓએ ઝાલોદ કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ ડાંગીને જાહેર કરેલ ઉમેદવારને બદલવામાં નહી આવે તો આ અમારા રાજીનામાં ઉપલા લેવલે મોકલી આપવા આગોતરાં રાજીનામા મૂકી દીધેલ હતાં.

# દે.બારીયા વિધાનસભા મત વિસ્તારમાં કોંગ્રેસ પક્ષનું એનસીપી સાથે ગઠબંધન થઈ જતા એકજ તાલુકાના રાજકીય પાર્ટીના ઉમેદવાર

દાહોદ,

વિધાનસભાની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે ૧૩૪, વિધાનસભા દેવગઢ બારીયા ખાતે ભાજપા, કોંગ્રેસ અને આમ આદમી અને એમ ત્રણ પાર્ટીઓના ચૂંટણી લડવા મથામણ કરતા ઉમેદવાર સામે તાજેતરમાં હવે નવો પક્ષ પણ અમલમાં આવ્યો છે. ભાજપા અને આમ આદમી પાર્ટીના ઉમેદવારના નામની જાહેરાત થઈ ચુકી છે. કોંગ્રેસ પક્ષના ઉમેદવારનું નામ હજુ સુધી જાહેર થયું ના હતું. ત્યારે હવે કોંગ્રેસ અને એનસીપી એમ બન્ને પક્ષનું ગઠબંધન થયા હોવાની માહિતી સામે આવી છે.

ભૂતકાળમાં દેવગઢ બારીયા વિધાનસભા મત વિસ્તારમાં કોંગ્રેસ અને એનસીપીનું ગઠબંધન થતા ટિકિટની ફાળવણી એનસીપી માં થઈ હતી. હવે આ વર્ષની વિધાનસભાની ચૂંટણીમાં પણ એનસીપીના ઉમેદવાર તરીકે ધાનપુર તાલુકાના ભોરવા ગામના ગોપસિંગ લવાર ઊર્ફે ગોપી લવાર દેવગઢ બારીયા વિધાનસભાના ઉમેદવાર જાહેર કર્યા છે.

છેલ્લા કેટલાય દિવસ થી કોંગ્રેસ પક્ષમાં જોડાયેલા જુના જોગીઓના ઉમેદવાર તરીકે નામ પ્રદેશ સુધી પહોંચી ગયા હતા. જેમાં પીપલોદ ગ્રામપંચાયતના હાલના ચાલુ સરપંચ બાબુ ફૂલા પટેલનું નામ મોખરે હતું. ગઠબંધન પાર્ટી માં એનસીપીની ટિકિટ વારંવાર પક્ષ પલટો કરનારના સિરે પાર્ટી એ ધરી દીધી હતી.

આમ, દેવગઢ બારીયા વિધાનસભામાં કોંગ્રેસ સાથે એનસીપીનું ગઠબંધન થતા હવે એનસીપી, ભાજપ, આમઆદમી અને પ્રજા વિકાસ પક્ષ એમ ચાર પક્ષના ઉમેદવાર એકજ તાલુકા માંથી ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. જયારે વધારે બુથ ધરાવતા દેવગઢ બારીયા તાલુકામાં કોઈપણ પક્ષનો સ્થાનિક ઉમેદવાર આ ચૂંટણીમાં છે નહીં.

# દાહોદ જિલ્લા સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા અંત્યોદય લોન યોજનામાં પણ લાખોનું કૌભાંડ..?

## દાહોદ જિલ્લામાં વાલ્મિકી સમાજના સાચા લાભાર્થીઓને બાકાત રાખી મળતીયા લાભાર્થી ઓને અંત્યોદય યોજના હેઠળ લોન અપાવવા દાહોદ જિલ્લા સફાઈ કામદાર વિકાસ નિગમના જવાબદારો દ્વારા ભલામણ કરાતી હોવાની ફરિયાદો.

ફતેપુરા,

દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિ માટેના સમાજ કલ્યાણ શાખા તથા સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા વર્ષોથી હળહળતો અન્યાય કરવામાં આવી રહ્યો છે. તેમાં આંબેડકર આવાસ યોજના, સફાઈ કામદાર આવાસ યોજના, સામૂહિક આવાસ યોજના, માનવ ગરીમા યોજના, ગટર સફાઈ મશીન યોજના, સીધી લોન યોજના સહિત વિવિધ યોજનાઓ હેઠળ અનુસૂચિત જાતિના રોહિત, વણકર તથા વાલ્મિકી સમાજના સભ્યોને સરકાર દ્વારા મળતા વિવિધ લાભોમાં છેલ્લા ત્રણેક વર્ષથી કરોડોનો ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે. જેની તપાસ માટે જિલ્લા લેવલ થી લઈ કેન્દ્ર સરકાર સુધી રજૂઆતો થતા જેની તપાસ સમાજ કલ્યાણ, વિજિલન્સ વિભાગ વડોદરાને તપાસ સોપ્યાને મહિનાઓ વિતવા છતાં તપાસ નહીં કરી જિલ્લા કક્ષાથી લઈ રાજયકક્ષા સુધીના જવાબદારો આ કૌભાંડને દબાવવાના બનતા તમામ પ્રયત્નો કરતા હોવાનું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

જોકે, દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને સરકાર દ્વારા મળતા વિવિધ લાભોમાં જિલ્લાકક્ષાથી લઈ રાજયકક્ષા સુધીના જવાબદારો દ્વારા સાચા લાભાર્થીઓને બાકાત રાખી મળતીયા અને લાગવગીયા લોકોને આ લાભો અપાવી સાચા લાભાર્થીઓ સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. જેમાં વધુ એક યોજના કે જે આંબેડકર અંત્યોદય યોજના હેઠળ વાલ્મિકી સમાજના સફાઈ કામદાર લાભાર્થીઓને અંત્યોદય યોજના હેઠળ ધંધાર્થે લોન આપવામાં આવે છે. જેમાં દાહોદ જિલ્લામાં વર્ષ–૨૦૨૧–૨૨ માં હાલ સુધીમાં જે પણ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. તે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દાહોદ કચેરીના જવાબદારો દ્વારા ભલામણ કરી ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે. તેમાં અનેક લાભાર્થીઓ આગાઉ લોન મેળવી ચૂક્યા હોય તેઓ તેમજ તેમના પરિવારના સભ્યોના નામે ભલામણ કરી સાચા હકદાર લાભાર્થીઓને બાકાત રાખવામાં આવ્યા હોવાની ફરિયાદો પણ ઉઠી રહી છે. ત્યારે વર્ષ–૨૦૨૧ થી હાલ સુધી જે જે વાલ્મિકી સમાજના સભ્યો માટે અંત્યોદય યોજના હેઠળ લોન માટે ભલામણ કરવામાં આવી છે. તેમાં પસંદગી પામેલા લાભાર્થીઓ કે તેમના પરિવારના કોઈ સભ્ય દ્વારા અગાઉ લોન મેળવેલ છે કે કેમ? તેની ઝીણવટ પૂર્વક તપાસ કરવામાં આવે તો દાહોદ જિલ્લા સફાઈ કામદાર વિકાસ નિગમ કચેરી તથા તેમના મળતીયાઓ દ્વારા વ્યવસ્થિત પણે વર્ષોથી આચરવામાં આવતા કૌભાંડ ઉપરથી આસાનીથી પડદો દૂર થઈ શકે તેમ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લા સમાજ કલ્યાણ શાખા તથા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દાહોદ કચેરીના જવાબદારોની વિરૂદ્ધમાં કેન્દ્ર સરકાર સુધી રજૂઆતો થયેલ છે. જેની તપાસ વિજિલન્સ વિભાગને સોંપવામાં આવેલ છે. જેની તપાસ થઈ નથી. ત્યાં જ અનુસૂચિત જાતિના લોકોના લાભોમાં કરોડોના કૌભાંડો આચરી ચૂકેલા જવાબદારો સામે કોઈપણ જાતની તપાસ કે કાર્યવાહી કર્યા વિના ભ્રષ્ટ તંત્ર દ્વારા ભ્રષ્ટાચારના પોપડા દબાવવા અન્ય જગ્યાએ બદલી કરી દેવામાં આવી છે. જે બાબત પણ ઉડીને આંખે વળગે છે. અહીંયા એ પણ જણાવવું જરૂરી છે કે, ગુજરાત રાજયમાં અનુસૂચિત જાતિના રોહિત વણકર તથા વાલ્મિકી સમાજના ગરીબી રેખા હેઠળ જીવતા લોકોને સરકાર દ્વારા વિવિધ લાભો આપવામાં આવે છે. જેની છેલ્લા પાંચ વર્ષની તપાસ હાથ ધરવામાં આવે તો એક રાજયવ્યાપી મહાકૌભાંડ પ્રકાશમાં આવી શકે તેમ પણ જણાઈ રહ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.71

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જિલ્લાની ૨ વિધાનસભા બેઠક પર ભાજપના ૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

## ૧૨૬ ગોધરા વિધાનસભા બેઠક ઉપર ભાજપ ઉમેદવાર સી.કે.રાઉલજીએ ઉમેદવારી ફોર્મ ભર્યું





ગોધરા, ગોધરા વિધાનસભા ભાજપના ઉમેદવાર સી.કે.રાઉલજી દ્વારા વાવડી બુર્ઝગ મેંદી બંગલા ખાતેથી સમર્થકો સાથે ફોર્મ ભર્યું હતું. ફોર્મ ભર્યા બાદ સી.કે.રાઉલજી દ્વારા ભવ્ય જીતનો વિશ્વાસ વ્યકત કર્યો.૧૨૬ ગોધરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર સી.કે.રાઉલજીએ આજરોજ મહેંદી બંગલા પાર્ટી પ્લોટ ખાતેથી મોટી સંખ્યામાં સમર્થકો સાથે રેલી યોજી હતી અને શહેરના મુખ્ય માર્ગો ઉપર થી રેલી સ્વરૂપે પ્રાંત અધિકારી કચેરી વિધાનસભા ચુંટણી અધિકારી સમક્ષ પોતાના ટેકેદારો સાથે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. ફોર્મ ભર્યા બાદ સી.કે.રાઉલજી દ્વારા ગોધરા બેઠક ઉપર થી મતદારો ભવ્ય વિજય અપાવશે. તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

## કાલોલ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ફતેસિંહ ચૌહાણ ઉમેદવારી ફોર્મ ભરવા પહોંચ્યા





કાલોલ, ભાજપના ઉમેદવાર ફતેસિંહ ચૌહાણનું કાલોલ ભાજપે સ્વાગત કરી કાલોલ તાલુકાના ભાજપના નેતાઓ પૂર્વ ધારાસભ્ય સુમાનબેન ચૌહાણ અને જિલ્લા ભાજપના પ્રમુખ અશ્વિનભાઈ પટેલને સાથે રાખી ડીજે સાથે ભવ્ય યાત્રા કાઢી મામલતદાર કચેરી પહોંચ્યા હતા. જ્યાં તેઓએ ચૂંટણી અધિકારી સમક્ષ પોતાનું ઉમેદવારી ફોર્મ રજૂ કર્યું હતું.પંચમહાલ જિલ્લાની એક માત્ર કાલોલ બેઠકના ઉમેદવાર સુમનબેન ચૌહાણની ટિકિટ ભાજપે કાપતા તેઓના સસરા કે જેઓએ ભાજપથી નારાજ થઈ તાજેતરમાં ભાજપને રામરામ કરી કોંગ્રેસમાં જોડાયા હતા. તેઓએ પણ આજે વાજતે ગાજતે પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જોકે, કોંગ્રેસે હજી જિલ્લાની પાંચ પૈકી ચાર બેઠકો ઉપર પોતાનો સત્તાવાર ઉમેદવાર જાહેર કર્યો નથી. તેવામાં પ્રભાતસિંહ ચૌહાણ આજે તેઓના સમર્થકો સાથે કાલોલ કોંગ્રેસ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા. જ્યાંથી ઢોલ, નગરા અને ડીજે સાથે મોટી સંખ્યામાં સમર્થકો સાથે કાલોલ મામલતદાર ઓફિસે ચૂંટણી અધિકારી સમક્ષ પોતાનું ઉમેદવારી ફોર્મ રજૂ કર્યું હતું.

## કોમર્સ કોલેજ ગોધરામાં આગ લાગતા બચાવ કામગીરી કરતા એનએસએસના સ્વયંસેવકો: મોકડ્રીલ



ગોધરા, શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસના વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસમાં આગ લાગતા તાત્કાલિક કોલેજ કાર્યાલયમાં મુકેલા આગ બુઝવવાના સાધનોનો ઉપયોગ કરી ખૂબ ઝડપથી ત્વરિત જ્યાં આગ લાગી હતી. ત્યાં આગ ઓલવી એક પ્રશંશનીય કાર્ય કર્યુ. એક તબક્કે આગ લાગતા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીઓમાં ઉહાપોહ મચી જવા પામ્યો હતો. પરંતુ ત્યાર પછી ખબર પડી કે આ આગ લાગી નથી પણ લગાડવામાં આવી હતી અને આવી રીતે ભવિષ્યમાં લાગે ત્યારે એનએસએસના સ્વયંસેવકો કઈ રીતે આગ બુજાવી શકે એના પ્રયાસો કરાયા હતા. પ્રારંભમાં ત્રણ વિદ્યાર્થીઓ સિલિન્ડર ખોલવામાં તકલીફ અનુભવી હતી, પરંતુ બીકોમ સેમ-૩ ના પ્રિતેશ બારીયા નામના સ્વયંસેવકે સિલિન્ડરનું લોક ખોલી આગ બુઝાવવાની કામગીરી કરી હતી. સમગ્રનું આયોજન એનએસએસના પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર અરૂણસિંહ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રોફેસર અજીતસિંહ ચૌહાણ દ્વારા વિદ્યાર્થીઓને કેવી રીતે આગ હોલવવાના જે સાધનો છે. તેનો ઉપયોગ કરવો તેની પ્રેક્ટીકલ અને થિયરીકલ માહિતી આપી હતી.

## પંચમહાલ જીલ્લા પાંચ બેઠકો પૈકી ગોધરા, શહેર અને કાલોલ બેઠકો માટે ફોર્મ ભરાયા

ગોધરા, પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભાની બેઠકો માટે આજે ઉમેદવારી ફોર્મ ભરવાના પ્રથમ દિવસે કાલોલ-૭, શહેરા-૧ અને ગોધરા-૨ ફોર્મ ભરાયા છે.

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે ભાજપ દ્વારા પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દેવામાં આવી છે. જ્યારે કોંગ્રેસ પાર્ટી દ્વારા માત્ર મોરવા(હ) બેઠક ઉપર પોતાના ઉમેદવારની જાહેરાત કરી છે. જેને લઈ પંચમહાલ કોંગ્રેસમાં કચવાટ છે. આજે ફોર્મ ભરવાના પ્રથમ દિવસે ગોધરા બેઠક માટે ૨-ફોર્મ, શહેરા બેઠક માટે ૧ અને કાલોલ બેઠક માટે ૭ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. જ્યારે મોરવા(હ) અને હાલોલ બેઠક માટે એકપણ ફોર્મ ભરાયું નથી.

## ઘોઘંબાના રવેરી ગામેથી ૨૬ હજારના ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના રવેરી ગામે રહેતા ઈસમ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂ રાખી ધંધો કરતો હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી પ્લાસ્ટીક કવાટરીયા નંગ-૨૬૪ કિંમત ૨૬,૪૦૦/- રૂપીયા સાથે ઝડપ્યો.પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના રવેરી ગામે રહેતા બળદેવભાઈ ઉર્ફે બલો જીતેશભાઈ પરમાર પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂ રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે રેઈડ કરી ઘરમાં રાખેલ ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ-૨૬૪ કિંમત ૨૬,૪૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપાઈ જઈ ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબાના ગોદલી ગામે ૧૫ વર્ષીય સગીરે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના ગોદલી કાયલી ફળીયામાં રહેતા ૧૫ વર્ષીય સગીરે કોઇ અગમ્યકારણોસર ઘરમાં લાકડે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ફરિયાદ નોંધાઈ.પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ગોદલી કાયલી ફળીયામાં રહેતા મેતાપ મશરૂભાઈ રાઠવા ઉ.વ.૧૫ એ ૧૩ નવેમ્બરના રોજ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરમાં ઓસરીના ભાગે લાકડે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા પોલીસ મથકના લાંચમાં પકડાયેલ એ.એસ.ટી.ના નિયમીત જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

શહેરા, શહેરા પોલીસ મથકના એ.એસ.આઈ. લાંચ લેવાના કિસ્સામાં એસીબી દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા. તેવા આરોપી દ્વારા કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરતાં સરકારી વકીલ દ્વારા દલીલો કરતાં નામદાર કોર્ટ દ્વારા જામીન અરજી નામંજુર કરાઈ.પ્રાપ્ત વિગતો મુજબ શહેરા પોલીસ મથકના એ.એસ.આઈ. વજેસિંહ શકરાભાઈ બારીયાને લાંચ લેવાના કિસ્સામાં એ.સી.બી. દ્વારા છટકું ગોઠવીને ઝડપી પાડવામાં આવ્યા હતા. લાંચમાં ઝડપાયેલ આરોપી પોલીસકર્મી દ્વારા નામદાર કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જામીન અરજી માટે સુનાવણી હાથ ધરવામાં આવતાં સરકારી વકીલ રાકેશ. એસ. ઠાકોર દ્વારા વિગતવાર દલીલો કરતાં પોલીસ તપાસના કાગળોને ધ્યાનમાં રાખી કોર્ટ દ્વારા આરોપીના નિયમિત જામીન અરજી નામંજુર કરવામાં આવી.

## ગોધરા તાલુકાના વેલવડ ગામે દુકાન માંથી ૨૭ હજારના ઈંગ્લીશ દારૂ સાથે ઈસમ ઝડપ્યો

ગોધરા, ગોધરા તાલુકાના વેલવડ ગામે દુકાનમાં ઈંગ્લીશ દારૂનો ધંધો કરતો હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ૨૭,૭૪૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના છકડીયા જતા રસ્તા ઉપર વેલવડ ગામે રહેતા વિશાલ ભારતસિંહ પરમાર પોતાની દુકાનમાં ઈંગ્લીશ દારૂ રાખીને ધંધો કરતો હોય તેવી બાતમીના આધારે કાંકણપુર પોલીસે રેઈડ કરી પ્લાસ્ટીક કવાટરીયા પેટી નંગ-૪૪ કિંમત ૩,૭૪૦/-રૂપીયા મળી ૨૭,૭૪૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે વિશાલ પરમારને ઝડપી પાડી. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુન્હો નોંધાવામાં આવ્યો.

## ગોધરાના ટુવા ગામની સગીરા જાતે અથવા કોઈ ઈસમ દ્વારા અપહરણ થયાની ફરિયાદ

ગોધરા, ગોધરા તાલુકાના ટુવા ખારી ફળીયામાં રહેતી સગીરા ૭ નવેમ્બરના રોજ પોતાની જાતે અથવા અજાણ્યા ઈસમે અપહરણ કરી ગયાની ફરિયાદ નોંધાવા પામી છે.વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ટુવા ગામે રહેતી સગીરા તા. ૭ નવેમ્બરના રોજ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર જાતે અથવા કોઈ અજાણ્યો ઈસમ સગીરાને ભગાડી ગયો હોવાની ફરિયાદ કાંકણપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના ગોઠડા ગામે દુકાન માંથી ૪૮૦૦ રૂપીયાનો દારૂ ઝડપ્યો

ગોધરા, ગોધરા તાલુકાના ગોઠડા નરેશ્વર મંદિર સામે આવેલ દુકાન માંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતો હોય તે સ્થળે કાંકણપુર પોલીસે રેઈડ કરી પ્લાસ્ટીક ક્વાટરીયા નંગ-૪૮ કિંમત ૪૮૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગોઠડા નરેશ્વર મંદિર સામે આવેલ દુકાનમાં ગોપાલભાઈ કાળુભાઈ ઠાકોર પોતાની દુકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે કાંકણપુર પોલીસે રેઈડ કરી દુકાન માંથી પ્લાસ્ટીક ક્વાટરીયા નંગ-૪૮ કિંમત ૪૮૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## લુણાવાડા તાલુકાના સાલાવાડના મહિલા તલાટી અરજદાર પાસેથી ૧૦ હજારની માંગણી કરતાં વિડીયો વાયરલ

### મહિલા તલાટી વિડીયોમાં ૧૦ હજારની માંગણી કરી તાલુકાના અધિકારીઓને આપવાની વાત કરતાં જણાયા.

ગોધરા, લુણાવાડા તાલુકાના અરજદાર પાસેથી ૧૦ હજારની લાંચ માંગતો હોય તેવો વિડીયો વાયરલ થતાં ખડભડાટ થઈ જવા પામ્યો છે.

લુણાવાડા તાલુકાના સાલાવાડ ગ્રામ પંચાયતના મહિલા તલાટી કમ મંત્રી સામે અરજદારને તેમના ખેતરમાં બોર મોટર થયેલ હોય અને તેના બીલ પાસ કરવા માટે ૧૦ હજાર રૂપીયાની લાંચ માંગવા માટે ખુલાસો પુછતા સરપંચ દ્વારા તમારા ખેતરમાં બોર મોટર થયેલ છે. તેના ૧૦ હજાર રૂપીયા તમારી પાસેથી લેવાનું કહ્યું છે. અરજદાર ૧૦ હજાર જેવી માતબર રકમની માંગણીને લઈ વિરોધ કરતાં મહિલા તલાટી અરજદારને ૧૦ હજાર રૂપીયા મારે નથી લેવાના મારે તાલુકામાં અધિકારીઓને બીલ પાસ કરવા માટે આપવા પડે છે. ત્યારે રકઝક બાદ અરજદાર સાથે ૭ હજાર રૂપીયા લાંચ લેવાનું નકકી કરતો મહિલા તલાટીનો વિડીયો દેખાઈ રહ્યો છે. મહિલા તલાટી અરજદાર પાસે જાહેરમાં લાંચની માંગણી કરવાની હિંમત એવા કયાં અધિકારીઓના તેમની ઉપર ચાર હાથ હશે કે આટલી હિંમત રાખીને લાંચની માંગણી કરતા હશે તેવી ચર્ચા વિડીયો વાયરલ થયા બાદ ચર્ચા થઈ રહી છે.

## ઝાલોદ તેમજ ગરબાડા વિધાનસભા બેઠક પર બળવાના બીકે ઉમેદવારોની જાહેરાત ને લઈને સસ્પેન્સ યથાવત

### દિવસભર ટિકિટ વાછુંકોના મોબાઈલ રણકતા રહ્યા દાવેદારો દ્વારા એકબીજાને ફોન કરી ટિકિટ અંગે માહિતી મેળવવાના પ્રયાસો

દાહોદ, દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ છ વિધાનસભા બેઠકો પૈકી ઝાલોદ તેમ ગરબાડા વિધાનસભા બેઠક પર બીજેપીના ઉમેદવારોની અંતિમ ઘડી સુધી જાહેરાત ન થતા દાવેદારો તેમના સમર્થકોના પ્રેસરો વધતા જોવા મળ્યા હતા. બંને બેઠકો ઉપર ભાજપમાં અંદરો અંદર ના ડખામાં જ વિરોધ વંટોળના બીકે ભાજપ દ્વારા ઉમેદવારોના નામોની જાહેરાત ન કરતા સૌ કોઈમાં આચાર્ય ફેલાવવા પામે છે. જિલ્લાની હાઈ પ્રોફાઈલ ગણાતી ઝાલોદ બેઠક પર ઉમેદવારો દ્વારા તમામ તૈયારીઓ આપી દેવામાં આવ્યું છે. ચૂંટણી સહિતની કામગીરી પણ સાહિત્યની કામગીરી પણ કરી દેવામાં આવી છે. ત્યારે ભાજપ દ્વારા આગામી ૨૪ કલાકમાં ગમે તે ઘડીએ બંને બેઠકો ઉપર ઉમેદવારોના નામોની જાહેરાતની સાથે જ ભડકો થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે પહેલેથી જ કોંગ્રેસનો ગઢ ગણાતી આ બંને બેઠકો પર ભાજપ કયા ઉમેદવાર ઉપર જુગાર રમે છે. એક યક્ષ પ્રશ્ન સવાલ છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે. આગામી માસમાં બે તબક્કામાં યોજાનારા મતદાનને લઈને પ્રથમ ચરણ ના ઉમેદવારોની ફોર્મ ભરવાની આજે છેલ્લી તારીખ હતી. જ્યારે બીજા તબક્કામાં ઉમેદવારનો ફોર્મ ભરવાનો આજે પહેલો દિવસ છે. ત્યારે દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ છ વિધાનસભા બેઠકો પૈકી ભાજપ દ્વારા દાહોદ ફતેપુરા દેવગઢબારિયા ઉમેદવારો જાહેર કરી દીધા છે. તેની સામે કોંગ્રેસ દ્વારા ગરબાડા, ઝાલોદ, લીમખેડા, ફતેપુરા બેઠકો પર ઉમેદવારો જાહેર કરી દીધા છે. તેમજ દેવગઢ બારિયા ઓબીસી સીટ પર એનસીપી નો ઉમેદવાર કોંગ્રેસે એનસીપી જોડે ગઠબંધન કરી ભાજપ માંથી આવેલા ગોપસીંગ લવારને ટિકિટ આપતા ટિકિટ ફાળવાઈ ગઈ છે અને સાથે સાથે આમ આદમી પાર્ટી એ બધી બેઠકો ઉપર ઉમેદવારો જાહેર કરી દીધા છે. ત્યારે આજથી ફોર્મ ભરવાની શરૂઆત ઉમેદવારોના ફોર્મ ભરવાની શરૂઆત કરવામાં આવી છે. દેવગઢ બારીયા અને ગરબાડામાં ભાજપ કોંગ્રેસે વિશાલ રેલી સાથે શક્તિ પ્રદર્શન યોજી ફોર્મ ભરવા માટે ગયા હતા. ત્યારે જિલ્લાની હોટ સીટ ગણાતી ગરબાડા તેમજ ઝાલોદ વિધાનસભા બેઠક પર ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોના નામોની જાહેરાત ન કરતા આ બંને સીટો પર સસ્પેન્સ યથાવત રહેવા પામે છે. ઝાલોદ વિધાનસભા બેઠક પર પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, પૂર્વ આઈપીએસ અધિકારી ભાવસિંગ વાઘેલા તેમજ જિલ્લા સભ્યો મળી ૧૧ દાવેદારોએ ટિકિટની માંગ કરી છે. ત્યારે ટિકિટ કોને મળશે અત્યારે જેટલા સભ્યોએ ભાજપ તરફથી દાવેદારી નોંધાવી હતી. ત્યારે આ તમામ દાવેદારો માંથી કોને ટિકિટ મળશે તેવી અટકલો ચાલી રહી હતી. તે સમયે અચાનક જ ઝાલોદના રાજકારણમાં ગરમાવો આવ્યો અને કોંગ્રેસના ધારાસભ્ય ભાવેશ કટારા ધારાસભ્ય પદેથી રાજીનામું આપી કેસરિયો ધારણ કરતા ઝાલોદ બેઠક પર રાતો રાત સમીકરણો બદલાતા જોવા મળ્યા હતા. હવે બેઠક પર ટિકિટ કોને મળશે તે અંગેની રસપ્રદ ચર્ચાઓ ઝાલોદના અંતરંગ વર્તુળોમાં ચર્ચાઈ રહી હતી. ત્યારે એક તરફ ભાજપને બળવાના બીકે ઉમેદવારના નામોની જાહેરાત છેલ્લે સુધી એ નથી કરી ત્યારે બીજી તરફ ઝાલોદ બેઠક પર ભાજપ તરફ ભાવેશ કટારા કે એમના પિતા બાબુ કટારાને પામી છે. જેને લઈને ભુજ ભાજપમાં જ ભડકો થવાની પ્રબળ આશંકાઓ સેવાઈ રહી છે. આ ભડકાને પારખી ગયેલા મોવડી મંડળ અત્યાર સુધી આ બેઠક પર ઉમેદવારના નામની જાહેરાત કરી નથી. ત્યારે આગામી ૨૪ કલાકમાં આ બંને બેઠકો પર સંભવિત ઉમેદવારોના નામની જાહેરાત સત્તાવાર રીતે થવાની છે. ત્યારે ટિકિટના દાવેદારો તેમજ તેમના સમર્થકો દ્વારા મોવડી મંડળ તેમજ સંગઠનના હોદ્દેદારોને દિવસભર ટિકિટો અંગેની પુચ્છા કરી હતી અને દિવસ ભર ફોન રણકતા રહ્યા હતા. તેવી જ રીતે ગરબાડા બેઠક પર મહેન્દ્ર ભાભોર, પર્વત સોમજી ડામોર, પ્રજિત રાઠોડ સહિતના બાર જેટલા બાહુબલી આ બેઠક પર ટિકિટોના દાવેદાર છે. ત્યારે કોંગ્રેસની ગઢ ગણાતી આ બેઠક પર મોવડી મંડળ મજબૂત ઉમેદવાર ઉતારવા તેમાં તમામ સમીકરણો પર ખરો ઉતરે તેવા ઉમેદવારની પસંદગીને લઈ અંતિમક્ષણ સુધી આ બેઠક ઉપર વિચાર વિમર્શ કર્યો છે. ત્યારે મોવડી મંડળ કોના ઉપર પસંદગીનો કળશ ઢોળે છે. તે હાલ ભવિષ્યના ગર્ભમાં છે, પરંતુ આ બંને બેઠકો ઉપર કોંગ્રેસ તેમજ ભાજપના બાહુબલી ગણાતા દાવેદારો વચ્ચે તેમજ રસપ્રદ જંગ જામશે એ હાલના તબક્કે જોવાઈ રહ્યું છે.